સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના સ્કૂલ, કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અમેરિકા સ્થિત પ્રવિણચંદ્ર આર. ખાટીવાળા તરફથી એમના સ્વર્ગસ્થ ધર્મપત્ની જયબાળાબહેન પ્રવિણચંદ્ર ખાટીવાળાના પુણ્ય સ્મરણાર્થે રૂ. ૭,૦૪,૩૦૫નું માતબર દાન શ્રીમતિ ક.લ.શં. ખાંડવાળા સાર્વજનિક હાઈસ્કૂલ ફોર ગર્લ્સની વિદ્યાર્થીનીઓ માટે સ્માર્ટ બોર્ડ, ઈ- લર્નીંગ (Smart Board, E-Learning) જેવી અત્યાધુનિક સુવિધા સભર શિક્ષણ મળી રહે તે માટે મળ્યું છે.

Digital India ના આ જમાનામાં શાળાની ગરીબ વિદ્યાર્થીનીઓ માટે આ સુવિધા એમનું સ્વપ્ન સાકાર કરી શકે તે માટે ડૉ.ગિરીશભાઈ કાઝી તથા શ્રી કશ્યપભાઈ મહેતાનો આ પ્રયાસ આશીર્વાદરૂપ બની રહ્યો છે તેમજ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના વર્તમાન સૂત્રધારો, અધ્યક્ષ શ્રી ચંદ્રકાન્તભાઈ જરીવાળા, પ્રથમ ઉપાધ્યક્ષ શ્રી કમલેશભાઈ યાજ્ઞિક, દ્વિતીય ઉપાધ્યક્ષ શ્રી રાજેશભાઈ દેસાઈ તરફથી પણ સરાહનીય સહકાર અને પ્રોત્સાહન મળેલ છે. શાળાના વહીવટી સમિતિના અધ્યક્ષ શ્રી મયંકભાઈ ત્રિવેદી તથા સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના નિયામક શ્રીમતી અલકાબેન મહેતાએ આ કાર્યમાં ખૂબ રસ લીધો.શાળા પરિવાર તેમનો ખૂબખૂબ આભારી છે.